# સાહિત્યસંપર્ક

## મરણના સ્મરણ સામે ઉલ્લાસની પ્રાંજલ અભિવ્યક્તિ...



રાધેશ્યામ શર્મા

અમેરિકા સ્થિત કવિશ્રી નટવર ગાંધીના ત્રણ કાવ્યસંગ્રહો 'અમેરિકા, અમેરિકા' (૨૦૦૪), 'ઇન્ડિયા ઇન્ડિયા' (૨૦૦૬) અને 'પેન્સિલવેનિયા ઍવન્યૂ' (૨૦૧૦)માંથી વીણેલાં, તદુપરાંત કેટલાંક નવાં કાવ્યોનું સમ્પાદન તે આ ચોથો સંગ્રહ 'અમેરિકા અમેરિકા' (૨૦૧૫). સમ્પાદક છે ધીરુ પરીખ. લગભગ અઢારેક પાનાનાં આમુખનું શીર્ષક કાવ્યમર્મજ્ઞ ધીરુભાઈ પરીખે બાંધ્યું છે : નિરાડંબરી નિખાલસ કાવ્યનીપજ.' સમ્પાદકીય આમુખનું અભ્યાસયુક્ત, મધુર સમાપન આમ થયું છે :

ગુજરાતી ભાષાના પ્રદેશથી વર્ષોથી દૂર રહેલા કવિ નટવર ગાંધીએ આ ગુજરાતી કાવ્યરચનાઓમાં પોતાનો ભાષાપ્રેમ તો પ્રકટ કર્યો જ છે પણ ક્યાંય ખોટી ખેંચતાણ વગર શૈલી સિદ્ધ કરી છે.. જે સહજતાની નીપજ છે. સૉનેટના વૈવિધ્યપૂર્ણ સર્જનથી એમણે એને બહેલાવ્યું પણ છે. ગદ્યછટા અછતી રહેતી નથી... હું તો એમ કહીશ કે અમેરિકામાં રહીને સરસ કાવ્યરચનાઓ આપી તેમણે માતૃભાષાને અર્ઘ્ય આપ્યો છે અને કાવ્યક્ષેત્રને ઊજળું બનાવ્યું છે.'

વિશેષમાં, સંગ્રહના ત્રીજા આવરણ પર નટવર ગાંધીના યોગદાનની પાત્રતા સંકેતી છે : 'અમેરિકન વસવાટ, વિવિધ ધર્મવિચાર, વિવિધ વિચારધારાઓ અને મૃત્યુ વિશે લખાયેલાં કાવ્યો દ્વારા કવિ ગુજરાતી સાહિત્યમાં એક અનોખું વિષય-વસ્તુ લાવે છે.'

વિભિન્ન અષ્ટ ખંડમાં સમ્પાદન વિલસ્યું છે : અમેરિકા, અમેરિકા, મહાભારતનાં પાત્રો, વ્યક્તિવિશેષ, મોત ખખડાવતું બારણું, પ્રકીર્ણ, પિતૃસ્મૃતિ, પત્નીસ્મૃતિ, આપણે બે!

આમુખમાં મુખ્ય છ ખંડોની રચનાઓનો આસ્વાદ છે પણ બાકી રહેલા બે ખંડો જેવા કે 'આપણે બે' તથા 'મહાભારતનાં પાત્રો' બોનસ રૂપે, અતિરિક્ત લાભ લેખે પ્રાપ્ત થાય છે!



હસ્તાક્ષરમાં, કવિશ્રીની સહી તથા તસવીર સાથે ચોથા આવરણ પરની કાવ્યપંક્તિઓ ધ્યાનકર્ષક છે :

*'અહીં આજુબાજુ જગત વસ્તું ત્યાં વસીએ.*
*હવે ઝાઝા છે ના દિવસ, સખી ઉલ્લાસ કરીએ.'*

**–નટવર ગાંધી**

અહીં 'ઝાઝા છે ના દિવસ' પંક્તિ ચોથા ખંડ તરફ દોરી જાય, 'મોત ખખડાવતું બારણું' આગળ. ત્યાંની પ્રથમ કૃતિ જિજીવિષાનો તદ્દન સ્વાભાવિક અંશ પ્રગટ કરે છે. 'નથી મારે જાવું, જીવવું હજી છે કૈંક વરસો
હજી પાશેરાની પ્રથમ પૂણી યે પૂરી થઈ ના' (પૃ.૬૯)

ઝળૂંબતા મોતનો 'વિષાદ' અને 'અસ્વીકાર' ઉલ્લાસના નવપરોઢનું સ્વાગતમ્ કરવા કેમ આતુર છે?

'હૈયું મારું હજી.થનગને પ્રેમનાં ગીત ગુંજે!
હું તો જીવ્યે જઈશ, સખી, તારી જ સંગે સદાયે!'

દંભરહિત નિખાલસ પ્રસ્તુતી માટે કવિને સલામ.

મૃત્યુ અ-પરિહાર્ય પણ સ્નેહસંપ્રાપ્ત જીવનનો અધિકારી એક સર્જક ચિન્તક કેમ ના હોય? પ્રેમ અને મૃત્યુની જુગલબંધીનો સહજ સ્વીકાર અમેરિકાના નિર્દેશક મેલ બ્રૂકસના કથનમાં યથાર્થ ઉતર્યો છે :

**Why do we have to die? As kid you get little white shoes with white legs and a velvet suit with short parnts and a nice collar and you go to college you meet a nice girl and get married, work a few years and then you have to die!'**

આ ખંડને અડીને જ સાતમો ખંડ 'પત્નીસ્મૃતિ' છે, જેમાં કર્તાની સાત્ત્વિક અભિલાષા મૂર્ત થઈ છે :

*'કહે પંડિતો કે મૃતજન ન કો' પાછું ફરતું,*
*છતાં ખુલ્લી રાખી ખડકી, કદી તું પાછી ફરી જો!'*

*(પૃ.૧૦૬)*

આની આગળ 'પિતૃ-સ્મૃતિ' ખાતે અફસોસ સાથે પ્રસ્તાવાનું પુનિત ઝરણું ભાવકને ભીંજવે એમ રેલાયું છે :

*'કરું મદદ કાંઈ ના, ઉપરથી હું માથે પડું,*
*હવે વસવસો કરું વ્યરથ તાતના મોતનો'*

*(પૃ.૧૦૦)*

'પ્રકીર્ણ' ખંડમાં, વૈયક્તિક ડિપ્રેશનની એક લાક્ષણિક રચના યાદગાર નીવડી છે, 'મને આજે ઊઠવાનું મન નથી થતું.'

'મહાભારતનાં પાત્રો'માં કવિની સંસ્કૃતસિક્ત બાની સર્વત્ર વિહરી છે, એમાંય 'દ્રૌપદી'ની ઇમેજમાં સર્જનાત્મક સ્પર્શ છે :

*'તું કાલરાત્રિ કુરુની, નર યુદ્ધ પ્રેરે,*
*તારા થકી પ્રબળ પુષ્ટિ સમાન પાંચે'*

*(પૃ.૪૫)*

સન્મિત્ર ધીરુ પરીખના પ્રિય સર્જક 'એમિલી ડિકિન્સન' વિશેની કૃતિ 'વ્યક્તિવિશેષ' ખંડમાં સરસ શોભી રહી છે :

*'તરે તું ઉરગર્ભના અતલ ગૂઢ પાતાળમાં,*
*દઈ ડૂબકી લાવતી મણિ સહસ મુક્તાફળો'*

*(પૃ.૫૯)*

'અમેરિકા, અમેરિકા' ખંડમાં, મહિમાસંપ્રાત હોદ્દાધારી નટવર ગાંધી શુદ્ધ કવિ રૂપે 'પ્રવાસી દિવસે' રચી બેઠા તે પંક્તિઓ આ લખનારના નમ્ર મતે અવિસ્મરણીય છે :

*'અધીર ઉર દોડતાં અચૂક ગામ જૂને જતાં,*
*જૂને ઘર જઈ ખચીત ખખડાવતાં ખિડકી,*
*જવાબ મળતો ન, નામ લટકે પરાયું, અરે,*
*હવે નથી નથી અમારું ઘર એ, અજાણ્યા અમે!'*

*(પૃ.૨૯)*

'માનવી જાતની અંતિમ આશ' બાંધીને લોકભેળા પર-લોક એવા અમેરિકામાં વ્યક્તિ રૂપે નટવર ગાંધી પણ આવ્યા હશે, પરંતુ સર્જકની આત્મતપ્ત આલોચના કેટલી નિખાલસતાથી અહીં અભિવ્યક્તિ પામી છે !

*'એવી કોઈ લાલચે હું ય આવ્યો હતો,*
*તે બધું ક્યાં ગયું? ક્યાં ગયું?*
*શું થયું? શું થયું?'*

*(પૃ.૩૭)*

'સ્વમાની, અભિમાની હું ન નમતો કદી કોઈને' લખનાર કવિશ્રી નટવર ગાંધી, ગાંધીજીને 'પુરુષઊર્ધ્વ ઉદ્ધારક' રૂપે નમે એમાં તે વતન ભારતને સ્મૃતિસુમન અર્પતા ભાવકમાત્રને લાગશે...

'અમેરિકા, અમેરિકા', લે. નટવર ગાંધી, સંપાદન : ધીરુ પરીખ, 'ઇમેજ' પ્રકાશન, ૨૦૧૫, પૃ. ૧૨૦, મૂલ્ય રૂ. ૧૫૦. □